ૐ તત્સત્

શ્રી નિગમ વિલાસ.

(ગુર્જર ગીરામાં).

શ્રી ગુરુ દત્ત ગોરક્ષ સંવાદ
તથા અપરોક્ષાનુભૂતિ.



સંપાદક તથા પ્રકાશક:

બ્ર. યો. નિગમ કલ્યાણ ચૈતન્ય પ્રકાશ.

સદ્‌ગુરૂ આશ્રમ, સમઢીયાળા નં. ૧

તા. પોસ્ટ બોટાદ, જીલ્લા ભાવનગર (કાઠીયાવાડ)

દ્વિતીયાવૃત્તિ ૫૦૦] કિંમત અમૂલ્ય. [સંવત ૧૯૭૮.

ઉત્તમ જીજ્ઞાસુ ધર્માત્મા સુમુક્ષુ પ્રત્યે નૂતનવર્ષારંભે

વિના મૂલ્યે ભેટ આપવા માટે

શ્રી સદ્ગુરૂ આશ્રમ તરફથી

છપાવવામાં સહાય કરનાર:

શેઠ વીશરામ નરસી.

કરાચી.

કરાચી, બંદર રોડપર આવેલા "મનોહર પ્રેસ"માં
નરભેશંકર જગજીવન દવેએ છાપ્યું

પ્રસ્તાવના.

સુજ્ઞ મહાશયો, અભિન્ન હૃદય બંધુ સ્વાત્મા રામોને નિશ્ચિંતતા શ્રીનો શુભાશિર્વાદ નિરંતર રહો.

વીર આત્માઓ આ સંસારમાં સારભૂત ગ્રહણ કરી પોતાના અમ્મર આત્માને પરમ દીવ્યતા વિષેજ સ્થિતિ રાખે છે. અજ્ઞાત પ્રાણીઓ સંસાર સાગરમાં વાસનાથી તણાતા તરંગમાં ડુબી મરે છે. જ્ઞાતાજનોએ પોતાનું મન જીતેલું હોવાથી તેમજ જાણવા યોગ્ય, પ્રાપ્ત થવા યોગ્ય દીવ્યતા વિષે સ્થિતિ હોવાથી મિથ્યા સંસારની આસ્થા પોતાના અંતરમાંથી દૂર કરેલી હોય છે. કોઇપણ વિલાસોથી કોઇના પ્રત્યે રાગ દ્વેષ હોતો નથી. પરમાર્થ તત્વરૂપ (બોધ સ્વરૂપ) સર્વજ્ઞપણું—સર્વાત્મક અભિન્નજ્ઞાનથી જેઓ નિરંતર બ્રહ્મ દ્રષ્ટીથીજ દ્રષ્ટા રહે છે અને દૈવી પુરૂષો અલ્પજ્ઞ તથા દુઃખીત પ્રાણીઓની શાંતિના નિમિત્ત મહાન પુરૂષોના જન્મ હોય છે. પોતાનું વાસ્તવિક સ્વરૂપ સમજાવી તેમજ દૈવી શક્તિ તેમજ માર્ગ દર્શાવી વિદેહ કૈવલ્યને પ્રાપ્ત થાય છે. શ્રીમાન્ શ્રી પરમ પૂજ્ય ગુરૂદત્ત ભગવાન તથા શ્રી ગોરક્ષનાથજી તરફથી થયેલ આત્મજ્ઞાન સંબંધી તત્વ વિચાર પ્રશ્નોત્તર અવધુત બોધ ગ્રંથમાંથી ગુરૂ શિષ્ય સંવાદ, તથા પરમ પૂજ્ય ગુરૂ મુર્તિ શ્રી, આદિ શંકરાચાર્ય સ્વામીજી તરફથી અમૂલ્ય તત્વજ્ઞાન સંબંધી ઘણા ઉત્કૃષ્ટ ગ્રન્થો બહાર પડેલા છે. તેમાંનો એક લઘુ ગ્રન્થ અપરોક્ષાનુભૂતિ નામથી બહાર પડેલો છે. તે સંસ્કૃત ભાષામાંથી અત્રે ગુર્જર ભાષામાં અલ્પજ્ઞ બંધુઓ, તેમજ ઉત્તમ અધિકારીઓને મનન કરવા માટે દોહનરૂપ રચાયલું આ કાર્ય પ્રસિદ્ધ કરવામાં આવે છે. માતૃભાષાના બાળકો પણ એ લાભ લેવા ઉત્સાહ

પૂર્વક હમેશાં જો એક વખત સ્તુતિ નિમિત્ત તેનો પાઠ કરશે તો નિયંતા તેને અદ્વૈત જ્ઞાનનો અધિકારી બનાવી તેના અંતરમાં પરમ દીવ્યતા સ્થાપવા પરમ કૃપાળુ રહો.

આ ગ્રન્થની બીજી પ્રતો છપાવવા મોટી સંખ્યાની અભિલાષા છે તો ધર્માત્મા બંધુઓને નિમિત્ત ધર્મનું દ્રવ્ય પરમાત્મા તરફથી પ્રાપ્ત થયું હોય તેમજ આ ગ્રન્થ મુજબ વિશેષ પ્રતો બહાર પડે તેમજ અન્ય નાનાં પુસ્તકો આ આશ્રમ તરફથી વિના કીમતે વહેંચવાને કોઇ ધર્માત્મા તરફથી બહાર પડે એવી જીજ્ઞાસા છે. તે શ્રી ગુરૂદેવની કૃપાથી પૂર્ણ થશે એવં.

શ્રી ગુરૂદત્તાર્પણ મસ્તુ.



ॐ तत्सत्.

ગુરુ દત્ત ગોરક્ષ સંવાદ.

પરમ પુજય યોગીયોના ઈશ્વર શ્રી ગુરૂ દત્તાત્રેય સ્વામી તથા શ્રી ગોરક્ષનાથજી તત્વ જ્ઞાન જીવાત્મા પરમાત્મા સમ્બંધી પ્રશ્નોત્તર અવધુત સંવાદ.

ગોરક્ષનાથજી ઉવાચ—હે સત્ય દીવ્ય મુર્તિ ગુરૂ દેવ પરમાત્મા, આ અસાર સંસારમાં જે આભાસ અને પ્રત્યેક જે પ્રાતિનિધી પર્માત્માનાજ સ્વરૂપે છે. તથાપિ મન, બુદ્ધિ, જીવ ભાવને પ્રાપ્ત થઇ પોતાના સ્વરૂપનો વિઘાત કરી મહાન દુઃખીત થાય છે એવા અલ્પ જીવો છે, તો હે સતગુરૂ સ્વામી, મન એ શું છે, પવન શું, જીવ શું, શબ્દ શું, બ્રહ્મ શું, શુન્ય શું, હંસ શું, નિરંજન શું, અવિનાશી એ સર્વત્ર શું છે, તેમનુ વાસ્તવિક સ્વરૂપ સમજાવો.

શ્રી ગુરૂદત્ત ઉવાચ—હે તાત મન એ વાસના, પવન તે શ્વાસ, શબ્દ તે વાણી, બ્રહ્મ તે અનહદ, શુન્ય તે નિરંજન, હંસ તે આત્મા, જીવ એ કર્મ બંધન થએલો આત્મા, શિવ તે કર્મથી મુકત થએલો આત્મા, સ્વસ્વરૂપ નિરંજન સર્વ વ્યાપક છે તે.

ગોરક્ષનાથજી ઉવાચ—હે સ્વામી, મનને રહેવાનું સ્થાનક શું, તેમજ પવન, પ્રાણ, બ્રહ્મ જીવ, શિવ, નિરંજન એ સર્વનો નિવાસ કયાં છે?

સદગુરૂ દત્ત ઉવાચ—મનનો નિવાસ હૃદય કમલમાં છે. પવન નાભિમાં વસે છે. વાસનાથી બંધાયો તે જીવ, કંઠમાં વસે તે શીવ. શબ્દનો વાસો અનહદમાં, અનહદનો વાસો શુન્યમાં,

શુન્યનો વાસો આત્મામાં એટલે બ્રહ્મમાં અને હંસ આત્મા અવિનાશીમાં વસે.

પ્રશ્ન—હે સ્વામી, જ્યારે હિરદકમળ ન હતું ત્યારે મન કયાં હતું અને વાસના ન હતી ત્યારે જીવ કયાં હતો અને કંઠ ન હતો ત્યારે શીવ કયાં હતા અને અનહદ ન હતું ત્યારે શબ્દ કયાં હતો અને અવિગત ન હતું ત્યારે અવિનાશી કયાં હતા?

ઉત્તર—હૃદય કમળ નહતું ત્યારે મન વાસનામાં હતું અને નાભી ન હતી ત્યારે પવન મુળ પવનમાં હતો, કાયા ન હતી ત્યારે કાળ નિરંજનમાં હતો, અને વાસના ન હતી ત્યારે જીવ શીવમાં હતો અને કંઠ ન હતો ત્યારે શીવ શબ્દમાં હતા અને અનહદ ન હતું ત્યારે અનહદ નિરંજનમાં હતા. જ્યારે શુન્ય ન હતું ત્યારે નિરંજન આત્મામાં હતા; આત્મા અવિગતમાં હતા, અને અવિગત અનોપમા હતા.

પ્રશ્ન—હે સ્વામી, મનનું જીવન કોણુ અને પવનનું, શીવનું, શબ્દનું અને અનહદનું, નિરંજનનુ અને અવિનાશી વીગેરેનુ જીવન કોણુ હતું?

ઉત્તર—પવનનું જીવન નાભી, મનનુ જીવન વાસના, અને વાસનાનુ જીવન કર્મ અને કર્મનુ જીવન શીવ અને શીવનુ જીવન શબ્દ અને શબ્દનુ જીવન અનહદ અને અનહદનુ જીવન એજ નિરંજન અને નિરંજનનુ જીવન શુન્ય, અને શુન્યનુ જીવન અવિનાશી અને અવિનાશીનું જીવન આપોઆપ.

પ્રશ્ન—હે સ્વામીન્! પવન, મન, કાળ, અવિનાશી, અવિગત એ સર્વે ઉત્પન્ન કયાંથી થયા!

ઉત્તર—કાળ અવિગતથી ઉત્પન્ન થયો; અવિનાશી હંસથાં અને શુન્યથી હંસ. અને નિરંજનથી શુન્ય એ પ્રમાણે અનહદથી શબ્દ, શીવ જીવે વાસના. વાસનથી મન. મનથી પવન. તન

ફુરે પવનમાં, મન વાસનામાં અને વાસના કર્મમાં. કર્મ જીવમાં. જીવ શીવમાં, શીવ શબ્દમાં, શબ્દ અનહદમાં. અનહદ શુન્યમાં શુન્ય નિરંજનમાં. નિરંજન આત્મામાં સર્વ સમાય છે. આત્મા હંસ અવિનાશી, અવિગત, અનુપમ, વસ્તુ છે. તેને રૂપ રંગ રેખા નહિ, વધે નહિ, ઘટે નહિ, જન્મે નહિ, મરે નહિ, સર્વજીત એજ કર્તા અને અગમ અપાર છે.

એજ નિરંજનની છાયા છે. જ્યાં શબ્દ વિરામ પામે છે. એવું સતચિદાનંદ સદ્દગુરૂ પરમાત્માનું સ્વરૂપ છે.

ઇતિશ્રી ગુરૂદત ગોરક્ષ સંવાદ સમાપ્ત.

શ્રી ગુરૂ દતાર્પણમસ્તુ.

પરમ પુજ્ય શ્રી શંકરસ્વામી પોતાનો ગુપ્ત મત દર્શાવે છે તેમાં ચરાચર પરમ કલ્યાણનો માર્ગ સર્વજ્ઞ શક્તિપણું પ્રદર્શિત થાય છે. તે સુક્ષ્મ બુદ્ધીથી વિચારવાનું છે. જુના જીવનમાં નવિન શકિત આપવી તે સાક્ષાત દેવનુંજ કામ છે. જીવાત્માને પરમાત્માનો પરિચય કરાવવો તે સંત મહાત્મા જે સદ્દગુરૂ અંતરિક્ષ પ્રેરણા શકિતના અધિષ્ટાતા દેવ છે. અને તે અંતર્યામિ છે. અને જેઓ સત્યનોજ સ્વીકાર કરે છે, અને એ સત્યથી સર્વત્ર બ્રહ્માંડો પરિપુર્ણ એકત્વ રૂપ છે. તેને કેવળ દીવ્ય સાધક દ્રઢ ભકિત દ્વારા અનુભવે છે. તેને તે દીવ્ય પ્રેમની જાગૃતિ થાય છે. અને તે બીજાઓને પણ મહાન શકિત તરફ દોરે છે તે જ્ઞાનથી દીવ્યતા પ્રગટ થાય છે. અને સાધક આનંદ સ્વરૂપ બને છે. પ્રજ્ઞાનમાનંદં બ્રહ્મ એજ પરાભકિત શ્રુતિ સંમત છે. પરમાત્માની અભેદ ભકિત કરનારને આ જગતમાં કશું પણ અશક્ય નથી.

યોગક્ષેમવ્રહામ્યહં પૂર્ણ શ્રદ્ધા, દ્રઢતા, સાથે અપાર પ્રેમ અને દીવ્યતા નિરંતર ઇશ્વર પ્રણિધાન રહેનાર સંત ભકત જનના મહીમાની સીમા નથી.

દોહા—જો ઘર નેજા નામકા, તા ઘર નવે નિદ્ધ;
ચાર પદારથ પગ તળે, લટકે સોળે સિદ્ધ.
રામ જપે નિજ નામકું, નામ નિરંતર સ્થીર;
રૂપ રંગ જાકો નહી, સો સુમરે સધીર.
સત વસ્તુ પહીચાનીયે કોટી ગ્રંથકો જીવ;
બ્રહ્મ સત્ય, જગ જુઠ હે, સો સુમરે સધીર.

ॐ तत्सत् गुरु दत्त.

અપરોક્ષાનુભૂતિ.

ॐ नमः शिवाय गुरवे, नाद बिंदु कलात्मने ।
निरंजन पदं याति, नित्य यत्र परायणम् ॥

શ્રીમદ્ આદીનાથ શીવગુરૂ ગણેશ ઈત્યાદી પંચાયતન દેવ જેઓ પરબ્રહ્મ પરમાત્માનાજ પ્રતિનિધિ દીવ્ય સ્વરૂપો તેઓ તમામને પુજન અર્ચન વંદન કરીને આ અપરોક્ષાનુભૂતિ રાજ યોગ ગુર્જર ભાષામાં માતૃભૂમિના બાળબંધુઓ તમામ લાભ લઇ પરમ દીવ્યતા ગૃહો.

શાર્દુલવિક્રીડિત.

જેના સત્ય પ્રકાશથી રવિ શશિ આપે પ્રકાશી રહ્યા,
ચૈતન્ય નિજ રૂપમાં હરીહર, બ્રહ્મા વિલાસી રહ્યા;
દીસે નિત્ય વિલાસ જે જગતમાં પ્રેમે પરિપુર્ણ છે,
નીગમ્મ નિત્ય સ્વરૂપ એ અખિલનો દિવ્યાત્મ ચૈતન્ય છે.

દોહા—ગુરૂ ગણેશ વિધી હરીહર, શકિત સૂર્ય આધાર,
વિધી ન લખે જેહી વિધી લખે, સોહં શુદ્ધ અપાર.
સોહં હંસ સ્વરૂપ કો, દરસે અંતર દ્વાર;
પગટ જ્યોતિ એ પ્રેમકી સુરત નુરત નિરધાર.

જીજ્ઞાસુ જનોએ પોતાની વૃત્તિ સહિત આખા વિશ્વનો પરમાત્માના વિષે વિલય કરી આત્માથીજ પરિપૂર્ણ જગતને અનુભવવા માટે આ દોહાનું મનન હમેશાં નિત્ય નિયમથી બને તો જીવનમુક્ત થાય.

દોહા.

સાધન કરે અનેક પણ, વિના વિચાર જે જ્ઞાન;
જે વસ્તુ રવિ તેજ વિના, ભાસે નહિ સમાન. ૧
હું કોણ, આ કોણ છે, કર્તા જગના કોણ;
ઉપાદાન આ જગતનું, મન વિચાર! જે કોણ. ૨
ભૂત ગ્રામ તન મન નહિ, નહિ ઇન્દ્રીય સમુદાય;
દેહ ઇંદ્રીથી ભિન્ન છે, એ વિચાર સુખદાય. ૩
જગત ભ્રમ અજ્ઞાનથી, જ્ઞાન થયે પુનિ નાશ;
સંકલ્પથી ઉત્પત્તિ કરે, એ વિચાર સુખરાશ. ૪
સુક્ષ્મ અવ્યય એક જે, જ્ઞાતા સાક્ષી અનુપ;
તે હું નિશ્ચય શુદ્ધ છું, પૂર્ણ બ્રહ્મ સ્વરૂપ. ૫
નિશ્ચલ અવ્યય આત્મા, દેહ અંગથી માન;
જડ ચૈતન્ય એકજ લખે, તે પર શું અજ્ઞાન. ૬
અંતર નિયામક આત્મા, બહાર નિયમ તન જાણ;
તેને જાણે એક વપુ, તેથી શું પર હાણ. ૭
શુદ્ધ જ્ઞાનમય આત્મા, મલમય તન અપવિત્ર ;
એક કરી તે માનવું, તે અજ્ઞાન વિચિત્ર. ૮
સ્વચ્છ પ્રકાશક આત્મા, તનુ તામસ જડ ધામ;
એક કરી તે માનવું, એ અબોધનું કામ. ૯
નિત્ય સત્ય છે આત્મા, સર્વ કરે પ્રકાશ;
જે અગ્નિ સમ જાણશો, તે પરતંત્ર વિલાસ. ૧૦
મમતા બુદ્ધિ શરીરની, માની રહે ગમાર;
મમતનું મમ તનુ નહિં, ઘટ દ્રષ્ટા ઘટ પાર. ૧૧

અહં બ્રહ્મ શાન્તિ રૂપ તે, સત્ ચિત્ આનંદ રૂપ;
જડ જગતનું હું નહિં, તે છે જ્ઞાન અનુપ. ૧૨
વિના આકાર નિર્વિકાર, અવય તાપ ત્રય હીન;
સોહં આતમ દેવથી, જ્ઞાન સ્વરૂપ નહિં ભિન્ન. ૧૩
બ્રહ્મયોગી બ્રહ્મ રૂપ જે, નિગમ સ્વરૂપે જાણુ;
ચૈતન્ય દેવ પ્રકાશથી ભાસત સર્વ પ્રમાણ. ૧૪
રોગ રહીત આભાસ હીન, નિર્વિકલ્પ મમ રૂપ;
અસત દેહ તું તો નહિ, સમજે જ્ઞાનિ ભૂપ. ૧૫
રાગ દ્વેષ મલ હીન છું, નિશ્ચલ શુદ્ધ અનંત;
મિથ્યા દેહ હું તો નહિ, જાણે વિરલા સંત. ૧૬
નિરગુણ નિષ્ક્રિય નિત્ય છું, સદા મુક્ત સુખરૂપ;
અધમ દેહી હું છું નહિ, જાણે જ્ઞાનિ ભૂપ. ૧૭
દેહ વિષે વિલસી રહ્યો, પુરૂષ સ્વતંત્ર જ્ઞાન;
મૂરખ જાણે શુન્યતા, તે પુરણ અજ્ઞાન. ૧૮
તે જડવાદી મૂઢ છે, દેહાતીત ભગવંત;
શ્રુતિ યુક્તિ અનુમાનથી, અનુભવ જાણે સંત. ૧૯
અધિષ્ઠાન અહંકાર છે; એક હરી તન પાર;
જાતિ દેહ અનેક છે, તે આતમ નહિં ધાર. ૨૦
દ્રષ્ટા આતમ દ્રષ્ટ તનુ, વેદ પુરાણે ગાય;
મમ શરીર એ જાણીને, વપુ આતમ શું થાય. ૨૧
વિના વિકારી શુદ્ધ હું, તન વિકારી ઠામ;
ભાસે નજરે સર્વને, તે કેવું મમ ધામ. ૨૨
તનથી આતમ પાર છે, વેદ શ્રુતિ નિરધાર;
કેમ વપુ આતમ બને, તેનો કરો વિચાર. ૨૩
પુરૂષ સુક્ત શ્રુતિમાં કહ્યું, આતમ ધામ અનુપ;
સ્થૂળ દેહ તે અસત જડ, બને ન આતમ રૂપ. ૨૪

બૃહદારણ્ય શ્રુતિમાં કહ્યું, પુરૂષ અનંત અસંગ;
મિથ્યા કલ્પિત ભાસમાં, મળ પુરણ પુનિ ભંગ. ૨૫
પુનિ તેમ આતમ કહ્યો, પુરૂષ સ્વયં પ્રકાશ;
પર પ્રકાશ જડ દેહ તે, જ્ઞાની કરો વિનાશ. ૨૬
કર્મ કાંડમાં જે કહ્યું, આતમ તનથી ભિન્ન;
સમુકતે નિજ કર્મને, કર્મ પ્રારબ્ધાધીન. ૨૭
આ વિધિ તનથી દૂર છે, આતમ પુરૂષ અનુપ;
સર્વાન્તર્ગત બહાર જે, મમ તે શુદ્ધ સ્વરૂપ. ૨૮
વિભાગ આતમ દેહનો, વિચાર કરો આ વીર;
તે કારણ પુરૂષાર્થ સૌ, ધારી કરો સૌ ધીર. ૨૯
ભેદ કર્યાનું કામ જે, તન આતમ નવ હોય;
પુનિ ભેદની અસતતા, કહું સુણો સૌ કોય, ૩૦
એક રૂપ ચૈતન્ય છે, એહી ભેદનું જ્ઞાન;
જીવપણું અસત્ય છે, રજ્જુ સર્પનું ભાન. ૩૧
અજ્ઞાન કાળે દોરડી, થાયે સર્પાકાર;
તેમજ ચૈતન્ય ભાસમાં, જગ રૂપ વિશ્વાધાર. ૩૨
ઉપાદાન આ જગતનું, બ્રહ્મ વિના નવ હોય;
તેથી સૌ જગ બ્રહ્મ છે, તે વિણુ દુજો ન હોય. ૩૩
પર તત્વના જાણથી, ભેદ જરા નવ હોય;
સર્વ રૂપ હરિ એક છે, વ્યાપક વ્યાપ્ય ન હોય. ૩૪
શ્રુતિ નિવારણ જે કર્યા, નાના ભાવે જેમ;
માયા કારણ કયાં રહ્યું, અભેદ વિલસે જેમ. ૩૫
આતમમાં નાના પણું, જે દેખત મતિમંદ;
તેને પુનિ પુનિ જન્મ છે, મરણ હોય પુનિ સ્કંદ. ૩૬
સકલ વિશ્વની ઉત્પતિ, પરબ્રહ્મથી હોય;
તેમાં સૌ ચૈતન્ય રૂપ, પ્રથક તે નહિં હોય. ૩૭

સકલ નામ ને રૂપ જે, તેના કર્મ અપાર;
એક બ્રહ્મ તે રૂપ છે, શ્રુતિ કરે પોકાર. ૩૮
કડા કંકણ ઘાટ જે, તે સૌ કંચન રૂપ;
તેમજ વિશ્વ અનેક જે, એકજ બ્રહ્મ અનુપ. ૩૯
જીવાત્મા પરમાત્મ એ. જરા ભેદ નવ હોય;
મૂરખ નર તે પુનિ પુનિ, જન્મ મરણુ ને હોય. ૪૦
સ્ફુર્યું તે અજ્ઞાનથી દ્વૈત ભાવના જેહ;
જ્ઞાન કાળમાં પુનિ નથા, આતમ તત્વે તેહ ૪૧
જ્ઞાન કાળમાં વિશ્વને, દેખે આતમ રૂપ;
તે નરને ભય શોક મોહ, તજી બને સુખરૂપ, ૪૨
એકજ આત્મા બ્રહ્મ છે, સર્વ સ્વરૂપે દેખ;
શ્રુતિ પુરાણુ તે સાખ છે, તે શુભ રેખા પેખ. ૪૩
દેખાતા જે વિશ્વનો, સર્વ કરે વ્હેવાર;
તદપિ સ્વપ્ન સમ જાણીએ, જ્ઞાને નહિ તલભાર. ૪૪
જાગૃતમાં સ્વપ્નુ નહિ, સ્વપ્નામાં પુનિ જાગ;
સુશુપ્તિમાં બેઉ નહિ, સત્ય વિના સૌ ત્યાગ. ૪૫
જુદી ત્રણે અવસ્થા, ગુણ ત્રણ કારજ જાણ;
તેના દ્રષ્ટા એક છે, ગુણાતીત સુજાણ. ૪૬
ઘટમાંહિ જેમ મૃતિકા, કુંડલ કનક પ્રમાણ;
પટ તંતુ જે ભાસતે, જીવ બ્રહ્મ સૌ જાણુ ૪૭
ગગને જેવી નીલતા, મરૂ સ્થળમાં જળ ભાન;
સ્થાણુમાં પુરૂષાકૃતિ, વિચાર સત્ય વિજ્ઞાન. ૪૮
શુન્ય ભવનમાં ભુતનો, ગંધર્વપુર આભાસ;
બે ચંદ્રો નભને વિષે, બ્રહ્મ જગત પ્રકાશ. ૪૯
તરંગ સર્વે જલ તણા, પાત્ર તામ્ર છે એક;
સત્તાથી પરબ્રહ્મની, ભાસત વિશ્વ અનેક. ૫૦

ઘટ નામે વ્યવહાર જે, પૃથ્વિ સહજ સ્વભાવ;
પટ નામે પુનિ તંતુ જે, જગદપિ બ્રહ્મ પ્રભાવ. ૫૧
જન વ્યવહારો જગતમાં, બ્રહ્મ સત્તાથી હોય;
દેખાય નહિ અજ્ઞાનથી, ઘટ મૃદ વિના ન હોય. ૫૨
કાર્યોમાં કારણુ સદા ઘટ મૃતિકા રહે જેમ;
શ્રુતિ યુક્તિ પ્રમાણુથી, વિશ્વ બ્રહ્મ છે તેમ. ૫૩
જો ઘટનું શોધન કરો, મુળ મૃતિકા જેમ;
તેમજ જગને જાણવું, એક જેમનું તેમ. ૫૪
જ્ઞાન કાળમાં શુદ્ધ છે, અશુદ્ધ અજ્ઞાને હોય;
ભાસે વસ્તુ એક પણુ, રજ્જુ સર્પ જેમ હોય. ૫૫
જો મૃતિકામય કુંભ છે, એમજ ચેતન રૂપ;
આત્માનાત્મ ભેદ જે, કરે અજ્ઞાની ભૂપ. ૫૬
રજ્જુને કે' છે સર્પ જે, શુક્તિ સ્વરૂપ અજાણ;
જે તનને આતમ કહે, તે છે મુળ અજ્ઞાન. ૫૭
કંચનને કુંડળ કહે, જાણે જળને તરંગ;
તે ચેતન દેહે કરી, જાણે નહિ અસંગ. ૫૮
શ્વેત વસ્તુમાં પીતતા, નેત્ર દોષથી હોય;
તેમ તન આતમ વિશે, અજ્ઞાન કાજે હોય. ૫૯
વસુધા ફરતી આપને, ભ્રમત નેત્ર દર્શાય;
તેમ શરીરે આત્મા ધર્મ અબોધે મનાય.

મોટા પદારથ દેખતાં, દૂરથી લઘુ દરશાય;
તેમજ આતમને વિષે, દેહ દોષ વરતાય. ૬૧
સુક્ષ્મ સ્થૂલ દેખાય જે, ઉપ નેત્ર સંયોગ;
આતમને વિશે જીવપણું, ભ્રાંતિ દુ:ખનો ભોગ. ૬૨
પાવકમાં મણી ભાસ જેમ, મણીમાં પાવક ભાન;
તેમ આતમમાં દેહનું, કરે એક અજ્ઞાન. ૬૩

વાદળની જે વેગતા, ભાસે તેમાં ચંદ્ર;
તેમ અજ્ઞને દેહના જીવપણાનો ફંદ. ૬૪
મોહ થકી જે મનુષ્યને, દીશા ભ્રમ જે થાય;
આત્મા વિષે જે દેહતા, જીવ ભ્રમ દર્શાય. ૬૫
જે પાત્રમાં જળ થકી, ચંદ્ર બિંબ કંપાય;
ચૈતનમાં વપુ ધર્મથી, ભ્રમ અજ્ઞાને થાય. ૬૬
આતમના અજ્ઞાનથી, દેહાધ્યાસ દર્શાય;
જ્ઞાન હોય પુનિ રૂપનું સત્યરૂપ દર્શાય. ૬૭
સ્થાવર જંગમ વિશ્વ સૌ, આતમથી દર્શાય;
ભિન્ન વસ્તુ કિંચિત નહિ, દેહ ભ્રમ દુરાય. ૬૮
સ્વરૂપ આતમ જાણીને વ્યતિત કરે સૌ કાળ;
ભોગ પ્રારબ્ધ ભોગવી, સૌની કરે સંભાળ. ૬૯
જ્ઞાન કાળની ઉતરે, પ્રારબ્ધ સૌ દુર;
જાગૃતમાં જેમ જાય છે, સ્વપ્ન ભોગ દુઃખ દુર. ૭૦
જન્માંતર કૃત કર્મ જે, પ્રારબ્ધ તે કહેવાય;
જ્ઞાન થયે પુનિ ભવ નહિ, ન રહે કર્મ જરાય. ૭૧
સ્વપ્ને દેહ અધ્યસ્થ છે, જાગૃતમાં તે જાણુ;
કલ્પિત તે જન્મે નહિ, કર્મનું શું રેકાણ. ૭૨
જીવ કારણ અજ્ઞાન છે, મૃત્તી પાત્ર જે જાણુ;
મુલ ગ્રહે જગ ક્યાં રહે, સત્ય કરો પરમાણુ. ૭૩
રજ્જુ રૂપને છોડીને ભ્રમથી અહી દર્શાય;
પરબ્રહ્મને ભુલીને મુંઢ જગત ભરમાય ૭૪
રજ્જુ રૂપને જ્ઞાનથો રહે ન અહી ભવ લેશ;
અધિષ્ટાનના બોધથી જાય જગતનો કલેશ. ૭૫
સત્ય સ્વરૂપના જ્ઞાનથી, હોય કર્મનો નાશ:
ત્રણ કર્મ ત્યાં સમજવાં, બહુ શ્રુતિ વચન પ્રકાશ. ૭૬

મુંદ પ્રબળતા આણીને, કદી કર્મ દ્રઢાય;
મત હનિ પુનિ મોક્ષ નહી, મહા દોષ દર્શાય. ૭૭
પંચ દશ સાધન કહું, સત્ત સ્વરૂપી સાર;
અખિલ અભ્યાસે બ્રહ્મની, પ્રપ્તિ સાર વિચાર. ૭૮
ભલે અધિકારી મંદ હોય, નિશ દિન કરે અભ્યાસ;
સત્ ચિત્ આનંદ પામશે, નિગમાનંદ વિલાસ. ૭૯
યમ નિયમને ત્યાગતા, મૌન દેશ પુનિ સાર;
મુલ બંધાસન દ્રઢ કરી, દેહ સામ્ય દ્રશિધાર. ૮૦
પ્રાણ સંયમને ધારણા, પ્રત્યાહાર નિરધાર;
આત્મ ધ્યાન ગણે ચૌદમું, અને સમાધિ વિચાર. ૮૧
સર્વ રૂપ હરિ જાણીને ઇંદ્રીય રોકે અંત;
યમ સાધન તેને કહે નિત્ય નિત્ય સેવે સંત. ૮૨
સજાતિ પ્રત્યે દોર જે, વિજાતીય જે ત્યાજ્ય;
સુખ કરે તે નીયમ થકી, નિત્ય ધરે મહા ભાગ્ય. ૮૩
નામ રૂપને છોડીને અસ્તિ ભાતિ પ્રિય સત્ય;
ત્યાગ પુનિ તેને કહે તુરત મોક્ષ દે સત્ય. ૮૪
મન વાણી પાછાં વળે લે નહી જેનો અંત.
યોગીશ્વર નિધિ પામીને, મૌનિ કહાને સંત. ૮૫
વાણીને જે ગમ નહીં, તેને કહે જે કોણ ?
સત અસત જગ છે નહી, અનિર્વચનીય કહે કોણ ૮૬
વાદ વિવાદમાં મૌનતા, જ્ઞાનિ જાણે સંત;
વાણી બંધ કરી બેસવું, તે બાળક છે સંત. ૮૭
આદિ અંત જ્યાં જન નહી, મધ્ય પુનિ નવ હોય;
જે આતમ નિજ દેશ છે, તે વ્યાપક સૌ કોય. ૮૮
બ્રહ્માદિક સૌ વિશ્વનો, ઉત્પતિ ને લય સાર;
કાળ શબ્દ તેને કહે, અખંડાનંદ મોનાર. ૮૯

સુખ સ્વરૂપ પરબ્રહ્મમાં, ચિંતન આસન હોય;
તે વીન સુખ આસન નહી. દુઃખ વિનાશ જ્યાં હોય ૯૦
સૌજન બંધન કારણે. જાણે એક અજ્ઞાન;
તે આશ્રય હરી બેસવું. મુળ બંધ સુજાન. ૯૧
અધિષ્ટાનની દ્રષ્ટીથી, સર્વે અંગ સમાન;
દેહ દ્રષ્ટિ તે વિષમ છે, શુષ્ક વૃક્ષ સમ જાન. ૯૨
વૃત્તિ બ્રહ્મ કારથી, દેખે હરી જગરૂપ;
સ્થિર વૃત્તિ એ રાખવી, તે સુખ વૃત્તિ સ્વરૂપ ૯૩
ચિત આદી સંસારમાં, બ્રહ્મપણાનો ભાવ;
તે ચિતને ધરી રોકવું, પ્રાણાયામ સ્વભાવ. ૯૪
નિરોધ કરવો જગતનો, રેચક તે કહેવાય;
વૃત્તિ બ્રહ્માકાર જે, પુરક તે કહેવાય. ૯૫
નિશ્ચલ વૃત્તિ સ્વરૂપમાં, કુંભક તે વખાણ;
પ્રાણાયામ ધિમંતનો, મુરખ પિડે ઘ્રાણ. ૯૬
શબ્દાદિક નજરે પડે, તે છે આતમરૂપ;
જોઇ ચીત તેમાં ધરે, પ્રત્યાહાર અનુરૂપ. ૯૭
વિચરતું મન જ્યાં ફરે, ત્યાં ત્યાં દેખે રામ;
તેમાં ચિત નિશ્ચલ કરે, સત્ય ધારણ ધામ. ૯૮
બ્રહ્મે વા સ્મિ જે વૃતિ, દેહ સંધાનથી હીન;
પરમાનંદદાયક સદા ધ્યાન યોગથી ચિહ્ન ૯૯
નિર્વાસીક વૃતિ પુનિ, બ્રહ્માકાર જે હોય;
દ્વૈતભાવ સ્ફુરે નહિ, સત્ય સમાધી હોય. ૧૦૦
અધિકારી સાધન દસ કરે, કરે પંચ અધિક;
નિજાનંદની પ્રાપ્તિથી, હોય સુખ અધિક, ૧૦૧
પછી સાધન સઘળાં તજે, સિદ્ધ થવા યતિરાજ;
નિગમ પ્રસિદ્ધ આતમ લખી, નિજાનંદ સુખસાજ. ૧૦૨

સમાધી આસન વિષે, વીઘન હોય અપાર;
આળસ અને વિસ્મૃતિ, ભોગ વિલાસ અપાર ૧૦૩
નિદ્રા સ્ફુર્તિ વિષયની, શુન્યવાદ અવિવેક;
આ વિધિ વિઘ્ન અનેક જે, જ્ઞાનિ તજે અનેક ૧૦૪
બંધ મોક્ષને કારણે, વૃત્તિ એક પ્રધાન;
ભાવ અભાવ જે બ્રહ્મથી, વૃત્તિ સર્વ પ્રધાન. ૧૦૫
બ્રહ્મ ભાવના વૃત્તિ જે, પરમ પવિત્ર વિચાર;
તેને તજીને મુંઢ નર, જીવન ખોવે ગમાર. ૧૦૬
બ્રહ્મ વિષયની વૃત્તિને, નિત્ય બુદ્ધિથી જાણ;
ધન્ય ધન્ય તે ત્રિલોકમાં, પુજ્ય સંત પ્રમાણ ૧૦૭
આ વૃત્તિ નિત્ય નિત્ય વધે, પરીપક્વ પુનિ થાય;
તે નર પામે બ્રહ્મને, શબ્દ વાદ નવ થાય. ૧૦૮
બ્રહ્મ વાદમાં કુશળ જે, રાગી વૃત્તિથી હીન;
તે નર અજ્ઞાની ગણો, જન્મ મરણ પુનિ ચિન. ૧૦૯
બ્રહ્માદિક બ્રહ્મવૃત્તિ વિના, ક્ષણ ભર નવ રહેનાર;
સનકાદિક જે જાણીએ, શુકદેવની સમ ધાર. ૧૧૦
કાર્યમાં કારણ રહે, કારણમાં નહિ કામ;
તેમાં કાર્ય અભાવથી, કારણ પણ વિશ્રામ. ૧૧૧
કારણ વિના શુદ્ધ વસ્તુ જે, મન વાણીથી પાર;
અહોનિશ એમ જાણવું, ઘટ મૃતિકા વિચાર. ૧૧૨
આ પ્રકારે થાય છે, શુદ્ધ ચિત્ત વૃત્તિ જ્ઞાન;
બ્રહ્માત્મક પુનિ તે બને, સત્ ચિત્ આનંદ માન. ૧૧૩
કારણ ને કાર્ય વિના. પહેલો કરો વિચાર;
કાર્યમાં કારણ પુનિ, નિરખો વૃત્તિ વિચાર. ૧૧૪
કાર્યમાં કારણ લખી, કરે કાર્યને દૂર;
કારણપણું ત્યારે ગયું, એક રહ્યા ભરપુર. ૧૧૫

ભાવ સહીત આજે ભજે, એ નરની સમતાઇ;
શંકા વિના તે પામશે, ભ્રમર કીટ સમજોઈ. ૧૧૬
દ્રષ્ટા દર્શન દ્રષ્ય જે, પ્રભુ વિના નહિં કોઈ;
તેની અહોનિશ ભાવના, પ્રભુ ચરાચર જોઇ. ૧૧૭
અધિષ્ટાનના રૂપથી, દેખો સૌ સંસાર;
સત્ય બ્રહ્મ જે ભાવના, રહે પુર્ણ સુખ સાર. ૧૧૮
પંદર અંગે યુક્ત છે, રાજયોગ જે નામ;
કિંચિત શુદ્ધિ ચિત્તની, તેને હઠ સુખ ધામ. ૧૧૯
પરિપકવ મન જેહનું, તેને કેવળ રાજ;
સિદ્ધિ મળે ગુરૂ ઇશની, નિગમ ભક્તિ સુખસાજ. ૧૨૦
સદ્ગુરૂથી એ પામીયા, નિરાધાર નિશાન;
સત્ય વિના પામે નહિ, નિગમ સત્ય એ જ્ઞાન. ૧૨૧
સદ્ગુરૂથી દર્શન થયાં, ત્રાસ ગયા ભવ દૂર;
અવિગત અનુપમ આપમાં, સર્વે રહ્યા ભરપુર. ૧૨૨
કૃપા સદ્ગુરૂ જેહને, સહજ સમાધિ હોય;
નિર્વાણ નિગમ મુક્તપદ, આપે અમર હોય. ૧૨૩
અમર નામ ગુરૂજ્ઞાનથી, વાસ વિષય વિષ દૂર;
અંતર ભાનુ પ્રકાશથી નિગમ વર્ષે નૂર. ૧૨૪
અંતર જ્યોતિ જળહળે, બહિર એક અનુરૂપ;
નિગમ સ્વરૂપ દ્રષ્ટા રહો, બની આપે તદ્રૂપ. ૧૨૫
આગમ નિગમ સૌ કહે, આગમ જાણે નિગમ;
આગમ નિગમ આપે બની, નિત્ય નિગમ અગમ. ૧૨૬
અલખ લેખમાં નવ રહે, શબ્દાતીત સ્વરૂપ;
અલખ અલખ આપે લખે, દ્વૈત નિગમ નહિ ભૂપ. ૧૨૭

ઇતિ શ્રીમદ શંકર આદિનાથ સ્વામી શિવગુરૂ વિરંચિત અપરોક્ષાનુભૂતિ ગુર્જરગીરામાં નિગમવિલાસ નિર્મિતાયામ્
બ્રહ્મ યોગી નિગમાનંદ કલ્યાણ સ્વરૂપ ચૈતન્ય પ્રકાશ.
શ્રી સદ્ગુરૂ દત્તાર્પણ મસ્તુ.

ॐ तत्सत् गुरुदत्त स्तुति.

गुरुर्ब्रह्मा गुरुर्विष्णु, गुरुर्देव महेश्वर ॥
गुरु साक्षात परब्रह्म, तस्मै श्रीगुरुवेनमः ॥ १ ॥
आदौ ब्रह्मा मध्ये विष्णु, रंते देव सदाशिव ॥
मुर्ति त्रय स्वरुपाय, दत्तात्रेय नमस्तुते ॥ २ ॥
अखंड मंडलाकारं, व्याप्तं येन चराचरं ॥
तत् पदं दर्शितं येन, तस्मै श्री गुरुवेनमः ॥ ३ ॥
कर्पुर कांति देहाय, ब्रह्ममुर्ति धराय च ॥
वेदशास्त्र परिज्ञाय, दत्तात्रेय नमस्तुते ॥ ४ ॥
दिगंबराय दिव्याय, दिव्यरुप धरायच ॥
सदोदित परब्रह्म, तस्मै श्री गुरुवेनमः ॥ ५ ॥
ब्रह्म ज्ञानमयी मुद्रा, वस्त्रमाकाश भूतळे ॥
प्रज्ञान घन बोधाय, तस्मै श्री गुरुवेनमः ॥ ६ ॥
अवधूत सदानंदं, परब्रह्म स्वरुपिणे ॥
विदेह देह स्वरूपाय दत्तात्रेय नमस्तुते ॥ ७ ॥
सत्य रुप सदाचार, सत्य धर्म परायणम् ॥
सत्याश्रय परोक्षाय, दत्तात्रेय नमस्तुते ॥ ८ ॥
पुजा मुळं गुरुश्चरणं, ध्यान मुळं गुरोस्तनु ॥
मंत्र मुळं गुरु वाक्यं, मोक्ष मुळं गुरु कृपा ॥ ९ ॥

શાર્દૂલવિક્રીડિત.

જે વિદ્યા રસ મગ્ન થઈ નિશ દિને સત્કર્મમાં વર્તતા
વિદ્યા વિત્ત સમાજમાં અતિશયે તત્પરે વરે અર્પતા
જે સંતોષ સુધા થકી તૃપ્ત થઈ રહેતા સદાનંદમાં
તે સદ્ગુરુ મહેર શાંતિ કરજો તત્ ચરણોના સ્પર્શથી.

ॐ शान्तिः शान्तिः शान्तिः